# માનવતાના ભેરૂ : માનવતાની મહેક પ્રસરાવનારા સાચુકલા માનવીઓની હૃદયસ્પર્શી વાતો

ડૉ. જયશ્રી એસ. પટેલ

'માનવતાના ભેરૂ' ડૉ.ભગીરથ બ્રહ્મભટ્ટનો હૃદયસ્પર્શી વ્યક્તિચિત્રોનો સંગ્રહ છે. આ સંગ્રહમાં આલેખાયેલ વ્યક્તિચિત્રો સહૃદય ભાવકોનું ધ્યાન ખેંચવામાં સફળ રહ્યા છે. એકી બેઠકે વાંચવા પ્રેરે એવા આ સંગ્રહનાં એકત્રીસ જેટલા વ્યક્તિચિત્રોના કોઇકને ગુણ કે અસાધારણપણું સહૃદય ભાવકને ઊંડાણ પૂર્વક સ્પર્શી જાય છે. અહીં આલેખાયેલા બધાજ રેખાચિત્રો સર્જક સાથે પરિચિત હોય સાચુકલા બની રહે છે. આજના યંત્ર-વૈજ્ઞાનિક યુગમાં જયારે માનવી-માનવી વચ્ચેના સંબંધો લુપ્ત થઇ રહ્યા છે. ત્યારે આવા સામાન્ય સ્તરના મોંઘેરા માનવીઓની માનવતા જોઇને આશ્ચર્ય અને આનંદ બન્ને ભાવો અનુભાય એ ખૂબ સહજ બાબત છે.

જુદા જુદા પરિવેશમાંથી આવતા હોવા છતા આ બધાજ પાત્રોમાં એક સમાન ગુણ છે, અને તે છે તેઓની માનવતા. પોતાના અસ્તિત્વને હોડમાં મૂકીને પણ માણસાઇને અકબંધ સાચવી રાખતા આ તમામ સાચુકલા અને જીવંત પાત્રો સર્જક શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટની સર્જક પ્રતિભાનો પરિચય કરાવી રહે છે. લેખકે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે.....'તેઓ તૂટી જવાની ક્ષણ સુધી ,માણસાઇને અકબંધ સાચવે છે. નરી નકરી સચ્ચાઇ એમના જીવતરની જણસ છે. તેમનામાં જ ધરતીની સાચી મહેક છે. જેને હું માણસાઇનું ધરૂં કહું છું, ધરતીનું અજવાળું ગણું છું. જે તે પાત્રોને વિશિષ્ટ મુદ્રારૂપે ઝીલી અસલ રૂપમાં અંકિત કરવાનો મારો આ પ્રયત્ન છે. એમ પણ કહી શકાય કે શબ્દ ના દીવે મેં ધરતીના અજવાળા પ્રગટાવવા કોશિશ કરી છે.' સાવ સામાન્ય પરિવેશમાંથી આવતા આ તમામ પાત્રોમાં રહેલી અસાધારણ માનવીયતાને ઉજાગર કરવાનો લેખકે સફળ પ્રયાસ કર્યો છે.

કૃતિમાં આલેખાયેલ પ્રત્યેક પાત્રને પોતાની નિજી સંવેદના છે... કોઇને કોઇ વિશેષતા છે. પોતાના ત્રણસો રૂપિયાના પગારમાંથી એંશી રૂપિયા જનસેવા ટ્રષ્ટને દાન કરતા રામસિંહનું દ્રઢ પણે માનવું છે કે.... કોઇકે એને મદદ કરી તો એ કોઇને મદદ કેમ ન કરે...! કોઇપણ જાતની વધારે અપેક્ષા વગર નિષ્ઠા અને પ્રમાણિકતા પૂર્વક કામ કરતો રામસિંહ ભાવકના હૃદયને અત્યંત સહજતા પૂર્વક સ્પર્શી જાય છે. પોતાના સુંદર અક્ષરોથી આખીય કોલેજમાં મહેકતો ચંદુ એની નિજી વ્યથાને ક્યારેય ઉકેલી શકયો નહી. સૌના હૃદયને ક્ષણમાં જીતી લે એવો મોજીલો ચંદુ એકાએક બિડાઇ કેવી રીતે ગયો,એનો જવાબ મેળવવો સહેલો નથી. એના જીવતરની કરૂણતાને લાઘવથી અને છતાં અત્યંત વેધક રીતે લેખક રજૂ કરી શક્યા છે. ' એ પંડથી પીડાયો-પીડાના ઝાડ પરથી પડતુ મૂક્યું એણે.....' . અપરમાના ત્રાસથી ઘર છોડી ભાગી જતો 'શનિયો' તેજસ્વી પ્રતિભા ધરાવે છે રેલ્વે ફાટક પર પાણી વેચતો શનિયો લેખકને મળે છે ત્યારે 'સાહેબ આપરી નેહાળ સાલે સે !' (પૃ.૧૪) એ પૂછવાનું ચૂકતો નથી.

શિક્ષણના વ્યવસાય સાથે જોડાયેલ 'શાંતુભાઇ', 'આર.પી' અને ભૂપેન્દ્ર ના પાત્રો એમની લાક્ષણિકતાઓને કારણે આપણા સૌનું ધ્યાન ખેંચે છે. કોઇક કારણસર યુવાનનું ખૂન કરી જેલવાસ ભોગવનાર શાંતુભાઇની આખી પ્રકૃતિ પરિવર્તન પામે છે તેમનું હૃદય પરિવર્તન થાય છે. અને ધાર્મિક પ્રવૃતિઓમા રસ લેતા શાંતુભાઇ આખરે શાળાના નિષ્ઠાવાન અને વિદ્યાર્થી પ્રિય શિક્ષક બની જાય છે. ' આર.પી ના હુલામણા નામથી જાણીતા થયેલા રાવજી પટવારીનું તો વ્યક્તિત્વ જ અલગ તરી આવે છે. સરેરાશ સામાન્ય માણસ કરતા જુદી જીવનરીતિ ધરાવતો આર.પી., ઘણાઓની ફિક્સ, ઘણાઓનો ચેક ,ઘણાઓનો ઉકેલ, ઘણાની મિલકત, ઘણાની મૂડી તો ઘણાનો વિસામો છે. ભૂપેન્દ્ર નિર્દોષ નિખાલસ અને આખા

બોલાપણાને કારણે સુસંસ્કૃત માણસોમાં સાવ અલગ પડી જતો મનુષ્ય છે.

'માનવતાનાભેરૂ' સંગ્રહનું શ્રેષ્ઠ રેખાચિત્ર 'ઢબોભા' નું છે. પોતાના ભાવનાશીલ અને દયાળું સ્વભાવને લીધે આખા મલકમાં આદરપાત્ર બનેલા અને પોતાની ગાંડી પત્નીને આજીવન મે'માનની જેમ સાચવનારા ઢબોભાના આંગણેથી કોઇ માંગણ ખાલી હાથે ગયો નથી. જે એમની પરોપકાર વૃતિને બરોબર પ્રગટાવી આપે છે. લેખકે એમના દાદાજીના વ્યક્તિત્વને ખેડૂત ઉદોજી ના મુખે રજૂ કર્યુ છે- 'ઇમના આંગણેથી કોઇ માગણ ઠાલે હાથે ના જાય, હમજ્યો ? પે.....લો અલોણીવાળો લેંબરો ખરો નં ? ઇના હેઠેય ઢોલરી પાથરીને બેઠા હોય, દુલો જીવ......અલ્યા જારબાજરી ડૂંડાંમાં આઇ જઇ હોય તો જીવરોય ના ઉડારે એવા.' ઉપરથી કહે, : 'અલ્યા સેતરમાંથી ઢોરચોર મોર ખાય પસી જે વધે એ આપરૂં. સેવાનિષ્ઠા અને પ્રામાણિકતાનું એક ઉત્તમ દ્રષ્ટાંત તે 'ઉદોજી' માં જોવા મળે છે ઉદોજી ચાલીસ વર્ષથી લેખકની જમીન ખેડવાનું અને સાચવવાનુ કામ કરે છે 'બેસવાની ડાળ મારાથી ન કપાય સાહેબ......'કહેતો ઉદોજી ગણોતધારામાં મળતી જમીનનો મામલતદાર સમક્ષ ઇંકાર કરી દે છે જે એના વ્યક્તિત્વનો ઉજળો અંશ છે પોતાના માલિકની જમીનને સાચવવાના ઝઘડામા પોતાનો હાથ ગુમાવનાર ઉદ્દો કહેતો ...... 'સાહેબ, આ ખોળિયું રે'શે ત્યા હુધી મું જમીમાનેં ઊની ઓંચ નૈં આબ્બા દૌ.'

ધરતીનું આવું જ એક સંતાન 'જીવરામ' છે. પોતાની પત્નીના ઘરેણા વેચી રામલીલામાં રૂપિયા પાંચસોંની આરતી બોલનાર જીવરામ કહે છે કે......-'દિયોર પઇસા તો આજ છે ને કાલ નથી રામલીલાવાળાનેય ખાવા તો જોઇએને! આપરા આશરે આયા સે હમજ્યા ! સાવ તળપદો છતાં સહજતા, સરળતા અને ઉદારતાથી ભર્યો આ માણસ અથાગ પરિશ્રમી છે. ગામમાં સહુના સારા-માઠા પ્રસંગનો સાક્ષી બની સલાહ-સૂચન તો ક્યારેક આર્થિક સહાય પણ કરે છે. જીવરામની આ આસારણતા હ્રદયને સ્પર્શી જાય તેવી છે.

ચોકસાઇનો આગ્રહ રાખતી માધિયાની વહુની સુંદર છબી લેખક પ્રગટાવી શક્યા છે. મીઠા લહેકે ગામની શેરી-શેરીને સ્વચ્છ રાખતી માધિયાની વહુ-શકરી નું મન પણ એટલું જ સ્વચ્છ છે. લગ્ન પ્રસંગે ગામમાં ઢોલ વગાડવાનું કાર્ય કરતો 'રછો ઢોલી' પણ એટલું હ્રદય સ્પર્શી ચરિત્ર બની રહે છે બે પત્નીઓ સાથે આર્થિક સંકળામણ વેઠીને પણ આનંદથી જીવતો જાડિયો 'જમાદાર' પૂર્વજીવનને સાવ ભૂલી દારૂ છોડી નવેસરથી જીદગીની શરૂઆત કરતો કાનજી ભગત, વત્સલ, કંકુમા, કાશીબા અને જીવનમાથી રસ ગુમાવી દેનાર 'નરસિંહ' વગેરે જેવા પાત્રો આપણા મન ઉપર ઘેરી અસર છેડી જાય છે. પોતાના આત્માના અવાજને ઓળખીને જાતને સુધારનારા પાત્રોમાં 'મનસુખ મદારી' અને બકો ભૂવો શ્રેષ્ઠ છે. આખા ગામમાં શાંતિ સ્થાપવામાં મહ્ત્વનો ભાગ ભજવનાર મનસુખ પોતાના દિકરાઓ વચ્ચેના કંકાસ મિટાવી શકતા નથી. અને ત્યારે વ્યથિત બની કહી ઉઠે છે. – ' જૌ જ્યારે હથેળીમાં કાંટો વાગે છે ત્યારે એ હાથનો અંગુઠો એ કાંટો કાઢવાના કામમાં આવતો નથી. '...(પૃ. ૯૬) મૃત મિત્રના દીકરાને મહેનત કરીને આર્કિટેક બનાવનાર 'રામો મેરાઇ' મિત્ર ધર્મનું ઉજ્જવળ દ્રષ્ટાંત બની રહે છે. 'નિર્મલા' અને 'ઉષા' ના વ્યક્તિ ચિત્રોમાં જોવા મળતી સ્વમાન પ્રિયતા આપણને સ્પર્શી જાય છે. આમ, માનવતાના ભેરુ સગ્રહના તમામ પાત્રોમા માનવતા, શ્રધ્ધા, વિશ્વાસ, પરોપકાર, ભાઇ ચારાની ભાવના વગેરે જેવા મૂલ્યોના આપણને દર્શન થાય છે. સાવ સામાન્ય સ્તરમાંથી આવતા તમામ પાત્રોમાં એવાતો અસામાન્ય ગુણો રહેલા કે જે ભાવકોની સહાનુભૂતિ ને જીતી લે છે. માનવતાથી ભરી-ભરી આ સગ્રહની પાત્રસૃષ્ટિનો જોટો જડવો મુશ્કેલ છે. અને આ તમામ પાત્રો લેખકની કલમે એવા તો નિરૂપણ પામ્યા છે કે આપણી સમક્ષ જીવંત બની રહે છે. જગત આખું માનવ સમુદાયથી ઉભરાય છે પણ મનુષ્યને સાચા અર્થમાં મનુષ્ય તરીકે સ્થાપિત કરતુ તત્વ કયું ? તો કહી શકાય કે માનવતા. જે આ સંગ્રહના પાત્રોમાં ઠેર ઠેર જોવા મળે છે. ભવિષ્યમાં સાહિત્યના અભ્યાસુઓ માટે અને ગુજરાતી રેખાચિત્ર સાહિત્યમાં આ એક મહત્વનું પુસ્તક બની રહેશે. એમ જરૂરથી કહી શકાશે.

**સંદર્ભસૂચિ**

૧. બ્રહ્મભટ્ટ, ભગીરથ. (૧૯૯૮). 'માનવતાના ભેરુ' પ્રકાશક: આર.આર.શેઠની કંપની, પ્રથમ આવૃત્તિ.
૨. પરીખ, ભરત (૨૦૦૪). 'શબ્દ તો મૌન બનીને વિસ્તરે' શબ્દલોક પ્રકાશન. પ્રથમ આવૃત્તિ.